# વિકાસમાં
# સ્ત્રીઓના મૂળભૂત પ્રશ્નો

ઈલા ર. ભટ્ટ

GJ
891.478
B 469 V

મજૂર મહાજન સંઘ
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર
અમદાવાદ

# વિકાસની ગુરુચાવી

૧. સ્ત્રીઓ પ્રત્યે સમાનતાનું વર્તન દયાભાવથી રાખવાની જરૂર નથી. કોઈ પણ દેશના સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ માટે એ તો પાયાની શરત છે.

૨. સ્ત્રીઓને પરવશતા અને પછાતપણામાંથી છોડાવવા તેઓને રોજગારી મળે અને તેઓની કમાવાની શકિત વધે તે પ્રત્યે સૌ પ્રથમ લક્ષ આપવું જરૂરી છે.

૩. સ્ત્રીને માતા બનવાનું છે. માતૃત્વ એ સ્ત્રીઓની સમાજ પ્રત્યેની વિશિષ્ટ જવાબદારી છે. સલામતીથી બાળકોનો જન્મ થાય અને તે બાળકોનો સારી રીતે ઉછેર થાય તે જોવાનું કામ માતા, પિતા અને સમાજનું ત્રણેનું છે, માત્ર માતા એકલીનું નથી.

૪. ગૃહિણીઓ જે રોજિંદું ઘર સંચાલનનું કામ કરે છે અને કુટુંબની સંભાળ રાખે છે તે કામનો દેશના બચત અને વિકાસમાં ફાળા તરીકે સ્વીકાર થવો જોઈએ.

૫. સ્ત્રીઓ પોતાના કામકાજ દ્વારા દેશના વિકાસમાં ફાળો આપી રહી છે તેમાં લગ્ન અને માતૃત્વની મહત્ત્વની જવાબદારી તેને અવરોધરૂપ ન થાય તે જોવાનું કામ સરકાર અને સમાજનું છે.

૬. દેશની સમૃદ્ધિના ફળ સ્ત્રીઓ સુધી પહોંચવા જોઈએ.

૭. ભારતના બંધારણમાં દર્શાવેલા ધ્યેયોને પહોંચવા હવે વધુ ઢીલ ન કરવી હોય તો કાયદા હેઠળ અપાયેલી સમાનતાને વ્યવહારમાં ઉતારવા માટે કેટલાક વિશિષ્ટ પગલાંઓ તાત્કાલિક લેવા માટે કાર્યરત થવું પડશે.

## વિકાસમાં

# સ્ત્રીઓના મૂળભૂત પ્રશ્નો

ઈલા ર. ભટ્ટ

Ela R Bhatt

મજૂર મહાજન સંઘ

ગાંધી મજૂર સેવાલય, ભદ્ર,

અમદાવાદ

Library IIAS, Shimla
GJ 891.478 B 469 V
00130288

પ્રકાશક :
મહિલા સેવા ટ્રસ્ટ
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર
અમદાવાદ

## અનુક્રમણિકા

* પ્રસ્તાવના
* નિવેદન
* સ્ત્રીઓ અને જાહેરનીતિ
* ભારતમાં સ્ત્રીઓની આજની પરિસ્થિતિ
* ત્યારે કરીશું શું ?
* પરિશિષ્ટ
* વિકાસની ગુરુચાવી

**કિંમત રૂા. ૧-૨૫ પૈસા**

Acc. No. 130288
Date 10-9-2010
GJ
891.478
B 469 V

મુદ્રક :
શ્રી. મોહનલાલ બાપુલાલ જોશી
મજૂર મુદ્રણાલય,
ગાંધી મજૂર સેવાલય, ભદ્ર
અમદાવાદ

# પ્રસ્તાવના

વિકાસમાં સ્ત્રીઓના મૂળભૂત પ્રશ્નો એ પુસ્તિકા મહિલા સેવા ટ્રસ્ટ તરફથી પ્રસિદ્ધ કરવા વિચાર્યું તેની પાછળની ભાવના એ છે કે રાષ્ટ્રના વિકાસમાં ભાગીદાર તેવી ગરીબ અને નિરક્ષર બહેનોનું જે કામ 'સેવા' એ ઉપાડયું છે તેને રાષ્ટ્રવ્યાપી બનાવી શકાય.

સેવાએ ટૂંક સમયમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ધારણ કર્યું તેનું મુખ્ય કારણ એ છે કે ગરીબ શ્રમજીવી બહેનોના પ્રશ્નો અપાર છે અને તેમનાં સંગઠનોની તાતી જરૂરિયાત છે. સતત ચિંતન એ રહ્યું છે કે સ્ત્રીઓ આજની પરિસ્થિતિમાં રાષ્ટ્રની આર્થિક ઉન્નતિમાં ભાગ લઈ રહી છે તે વિગતો પ્રકાશમાં લાવી તેમનાં કામની ગણના થાય અને તેમના પ્રશ્નો દૂર કરવાને માટે સૌને જાગ્રત કરવા શ્રી. ઈલાબહેન ભટ્ટ ભાવનાપૂર્વક આ કાર્યને જીવન કાર્ય બનાવી દેશભરની સ્ત્રી સંસ્થાઓ, સ્ત્રી કાર્યકર્તાઓ અને યુવાન સ્ત્રીઓને આવી સ્ત્રીઓના સંગઠન કાર્યમાં જોડવા પ્રયાસ કરી રહ્યાં છે. તેના અનુસંધાનમાં આ સ્પષ્ટ અને સાદી પુસ્તિકા માર્ગદર્શન આપશે તેવી આશા છે. શહેરની સ્વયંધંધો કે સ્વયંમજૂરી કરતાં નારી સમુદાય તેમજ દેશના ખેતીવાડીના ક્ષેત્ર અને ગામડાના જીવન–વ્યવહારમાં શ્રમ કરતાં નારી સમુદાયને સંગઠિત કરી જાગ્રત બનાવવાનું કાર્ય ભારે પરિશ્રમ અને ત્યાગ માગી લે છે. 'સેવા'ના પ્રયોગમાંથી આવો પ્રકાશ ખાસ કરીને યુવાનો અને ભણેલી મહિલાઓને મળશે, એવી મને શ્રદ્ધા છે. રાજ્ય સરકારના નીતિ ઘડનારા સાથી કાર્યકર્તાઓ અને ઉચ્ચશ્રેણીના અધિકારી વર્ગના ભાઈબહેનો પણ થોડો સમય કાઢી આ પુસ્તિકા વાંચી જાય તેવી મારી ભલામણ છે.

**અરવિંદભાઈ બુચ**
ચેરમેન
મહિલા સેવા ટ્રસ્ટ

## નિવેદન

વિકાસં એ બેધારી પ્રક્રિયા છે : વિકાસ થાય છે ત્યારે એક બાજુ નવીનવી રોજગારીની તકો ઊભી થાય છે, નવાંનવાં આર્થિક અને સામાજિક કામો ઊભાં થાય છે, બીજી તરફ જૂનાં કામોનું સ્વરૂપ બદલાય છે અને તેમાં કામ કરતાં સ્ત્રી–પુરુષો ફાજલ પડે છે. આથી કોઈ પણ વિકાસ યોજના થાય ત્યારે તેનું મુખ્ય ધ્યેય એ હોવું જોઇએ કે સ્ત્રીઓ સહિત બધાં માણસોને કામ મળે, તેમના કામથી વધુમાં વધુ સંપત્તિ પેદા થાય અને વધુમાં વધુ લોકોનું જીવનધોરણ સુધરે.

અત્યારે ભારતમાં એવી સ્થિતિ ઊભી થઇ છે કે બહેનો જે અનેક પ્રવૃત્તિઓ અગાઉ કરતી હતી, કામો કરતી હતી તે બધાં તેમના હાથમાંથી જઈ રહ્યાં છે, કારખાનાઓ અને આધુનિક સેવાઓ તેમનું કામ છીનવી રહ્યાં છે, તેનો પુરાવો મહિલા વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલ સ્ત્રીઓના દરજ્જા સમિતિના અહેવાલમાંથી મળી રહે છે. ભારતની સરકાર, નીતિ ઘડનારાઓ, નિષ્ણાતો, યુનિવર્સિટીઓ, સ્ત્રી સંસ્થાઓ દરેકને માટે આ ઘેરી ચિંતાનો વિષય બનવો જોઇએ.

મજૂર મહાજન સંઘમાં રહીને પ્રમુખ શ્રી. અરવિંદભાઈ બુચના માર્ગદર્શન હેઠળ સ્વાશ્રયી શ્રમજીવી બહેનોનું સંગઠન કરતાં કરતાં સ્ત્રીઓની દુર્દશાનો અને સાથેસાથે તેઓની પ્રચંડ શક્તિનો અમને અનુભવ થતો રહે છે. આ વાત કરવાની તક સુરતમાં ચુનીલાલ ગાંધી વિદ્યાભવને યોજી આપી એ માટે તેમની હું આભારી છું.

ભારતની સ્ત્રીઓની કથળતી જતી પરિસ્થિતિની વિગતો અને આંકડાઓ મુખ્યત્વે તાજેતરમાં જ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રીસર્ચ ન્યુ દિલ્હી તરફથી પ્રકાશિત થયેલ "ક્રીટીકલ ઈશ્યુઝ ઓફ સ્ટેટસ ઓફ વીમેન"માંથી લીધી છે.

સ્ત્રી–જાગૃતિ અને સ્ત્રી–કલ્યાણમાં રસ ધરાવનારાં સૌ કોઇ, ઉપરાંત સરકાર, સામાજિક અને સ્ત્રી સંસ્થાઓ અને સામાન્ય પ્રજાજનને પણ આ વ્યાખ્યાનની વાત પહોંચે તે માટે વ્યાખ્યાનની વધુ નકલો છપાવવા માટે જરૂરી સાધનો પૂરાં પાડવા માટે મહિલા સેવા ટ્રસ્ટનો આભાર સહિત ઋણ સ્વીકાર કરું છું.

**ઈલા ર. ભટ્ટ**

# વિકાસમાં સ્ત્રીઓનું સંયોજન

દેશની વિકાસપ્રક્રિયામાં સ્ત્રીઓ વધુ પ્રમાણમાં તેમજ સમાન ધોરણે ભાગ લે તેમાં જાહેરનીતિ ઘડનારાંને કોઈ દેખીતો વાંધો નથી તેવું માની લઈને આજે દેશના વિકાસમાં સ્ત્રીઓના સંયોજનના વિષય પર આગળ વાત કરવી જરૂરી બની છે. હા, સ્ત્રીઓએ કઈ રીતે દેશની વિકાસ પ્રક્રિયામાં ભાગ લેવો તેની સમજ જુદીજુદી હોઈ શકે છે. જૂનવાણીઓ માનતા હોય કે દેશને તંદુરસ્ત, બુદ્ધિમાન, શિક્ષિત માતાઓની જરૂર છે, પ્રગતિશીલો માનતા હોય કે સમાજના તમામ ક્ષેત્રે સ્ત્રીને પુરુષની હારે જોડે સમાન તકો પ્રાપ્ત થવી જોઈએ. પરંતુ, આ બંને વિચારધારાઓ એમ તો સંમત છે જ કે સ્ત્રીઓ પ્રજાનો નબળો વર્ગ હોવાથી નીચેનાં ત્રણ બાબતોના ટેકાની તેમને વિશેષ જરૂર રહે છે. :—

૧. સ્ત્રીઓને શિક્ષણ મળવું જોઈએ.

૨. સ્ત્રીઓને કાયદા વડે વ્યક્તિગત હકોનું રક્ષણ મળવું જોઈએ.

૩. સ્ત્રીઓને આરોગ્ય તથા કલ્યાણની પ્રાથમિક સેવાઓની રાજ્ય તરફથી ખાતરી અને વ્યવસ્થા મળવી જોઈએ.

સામાજિક યા રાજકીય વિચારસરણીમાં મતભેદ હોવા છતાં પણ સ્ત્રીઓ બાબતમાં આજને તબક્કે ઉપર મુજબની સંમતિ તો સાધવામાં આવી જ ગઈ છે. ભારતમાં એમ બનવાનું મુખ્ય કારણ છે સ્વાતંત્ર્ય ચળવળ પહેલાંના આંદોલનોની અસર.

# [૧]
# સ્ત્રીઓ અને જાહેરનીતિ

## આધુનિકરણની સામાજિક અસરો

બ્રિટિશકાળ દરમિયાન ભારતમાં આધુનિકરણની પ્રક્રિયાને આંતરિક અને બાહ્ય બંને અસરો પડી. આપણા પોતાના સમાજની આંતરિક નબળાઈઓ સામે સંઘર્ષ કરવા. સમાજ સુધારાની ચળવળ શરૂ કરવામાં આવી. સમાજ સુધારણાની ચળવળ સ્વાતંત્ર્યના આંદોલન પહેલાં શરૂ થઈ હતી. સમાજસુધારણાની પ્રવૃત્તિઓનો મહત્ત્વનો એક મુદ્દો સમાજમાં સ્ત્રીઓનું સ્થાન ઊંચું લાવવાનો પણ હતો જ ઈતિહાસકારો આમાં પાશ્ચાત્ય શિક્ષણ, વિનિતવાદી વિચારણી, મિશનરીઓની અસરને કારણરૂપ ગણે છે પરંતુ તે સમયની દેશની આંતરિક પરિસ્થિતિને પણ એક મહત્ત્વનું કારણ ગણવું જોઈએ.

તે કાળે, શહેરીકરણ પ્રસરતાં કુટુંબજીવન વિંખાઈ રહ્યા હતા, સ્ત્રી—પુરુષના જીવન વચ્ચે ભેદ વધતો જતો હતો, યુવાન પેઢી પર કુટુંબના વડાનું વર્ચસ્વ ઘટી રહ્યું હતું, વેશ્યાગૃહોનું પ્રમાણ વધતું જતું હતું, અન્ય ગુનાહિત પ્રવૃત્તિઓ વધતી હતી. આ બધા પરિબળો રૂઢ સામાજિક માળખાને પડકારી રહ્યા હતા.

આથી કરીને સમાજ સુધારણા પ્રવૃત્તિએ ઠીકઠીક જોર પકડ્યું.

## શહેર–મધ્યમવર્ગ તરફી પક્ષપાત

તાત્કાલિક સમાજસુધારા પ્રવૃત્તિનો પક્ષપાત શહેર તરફી હતો તે બાબત તો જાણે સ્વીકારાયેલી છે પણ આગળ ચાલીને કહીએ તો એ પક્ષપાત મધ્યમવર્ગ તરફી પણ હતો. સમાજ સુધારણામાં હાથ પર લેવાયેલા સામાજિક પ્રશ્ન જોતાં જ તેના મધ્યમવર્ગીય પક્ષપાતનો ખ્યાલ આવી શકશે. સુધારાની એરણ પર પ્રહાર માટે કઈ કઈ સ્ત્રીસમસ્યાઓ મૂકવામાં આવી હતી ? પડદા—ઘૂમટાનો રિવાજ, સ્ત્રીઓની નિરક્ષરતા સ્ત્રીજીવનને કચડી નાખતા લગ્નના રિવાજો. આ ત્રણે સમસ્યાઓમાં સૌથી વધુ પ્રહારો લગ્નના રિવાજો પર થયા. તેમાંય ખાસ કરીને બહુપત્નીત્વ, બાળલગ્નો, વિધવા પર ગુજરતો ત્રાસ, છૂટાછેડાના હકની અવગણના, મિલકત હકોની અવગણના

સુધારકોએ માન્યું કે શિક્ષણ દ્વારા સમાજમાં વધુ હળવામળવાની છૂટછાટથી સ્ત્રીઓ વધુ શિક્ષિત—સંસ્કારી બનશે તો પશ્ચિમની અસરોને કારણે અવળે રસ્તે જતી યુવાન પેઢીને રોકી શકશે, કુટુંબ જીવનને વધુ સ્થિર કરશે. પરંતુ સુધારકોએ જરા લાંબી નજર કરીને ગ્રામ પ્રદેશોમાં વસતા વિશાળ સ્ત્રી—મહેરામણને લક્ષમાં લીધો હોત તો તરત સમજાત કે તેઓએ લીધેલા સ્ત્રી પ્રશ્નો દેશના બહુમતી વિશાળ સ્ત્રી પ્રજાને ભાગ્યે જ લાગુ પડતા હતા. ૧૯૩૧ના વસતિ ગણતરીના હેવાલ મુજબ ૧૦ ટકાથી પણ ઓછી પ્રજાને ઉપર જણાવેલા લગ્નના ત્રાસકારી રિવાજો સ્પર્શતા હતા.

બીજું, સમાજ સુધારકોને સ્ત્રીઓની નિરક્ષરતા બહુ સાલતી હતી અને તેનું વ્યાજબીપણું સમજી શકાય છે, પરંતુ લગભગ આખો દેશ જ જ્યાં નિરક્ષર હોય ત્યાં શિક્ષણનો અભાવ તે સ્ત્રીનો એકલીનો પ્રશ્ન ભાગ્યે જ કહી શકાય. ત્રીજું, પડદા ઘૂમટાનો રિવાજ દરેક કોમના નાનાશા ઉપલા વર્ગને જ સતાવતો હતો અને આજે પણ એ પરિસ્થિતિમાં ઝાઝો ફેર પડયો નથી.

વાસ્તવમાં જાતમહેનત પર જીવનારી પ્રજાને તો રોજિંદા જીવનનિર્વાહનો સંગ્રામ જ તેમનાં સામાજિક રિવાજોને ઘડનારો હોય છે. વિશાળ સ્ત્રી પ્રજા ગામડાંમાં વસે છે તે ગ્રામીણ સ્ત્રીઓ તો તેમના પુરુષોની હારે—જોડે ખેતી, ઉદ્યોગ અને પારંપારિક સેવાઓમાં રોકાયેલી રહે છે. બાર કલાકની કમરતોડ કાળી મજૂરી તે આ સ્ત્રીઓનો પ્રાણપ્રશ્ન હતો અને આજે પણ છે. નહિ કે તેઓના સમય અને શક્તિનો ઉપયોગ કરવાની તકનો અભાવ !

તે કાળે સુધારકોએ ઉપાડેલા સ્ત્રીપ્રશ્નોમાંથી માત્ર બાળલગ્નનો પ્રશ્ન બાદ કરતાં અન્ય પ્રશ્નો બહુજનસમાજને માટે અસંબંદ્ધ અને અવાસ્તવિક હતા તેમ કહી શકાય, કારણ કે સુધારણા ચળવળનો અભિગમ શહેરી—મધ્યમવર્ગ તરફી હતો.

## સ્વાતંત્ર્ય આંદોલન

એ હકીકત છે કે વિદેશી હકૂમત સામેના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાત્મા ગાંધીજીની પ્રેરણાથી ભારતની સ્ત્રીઓએ સ્વયંભુ, પોતાની જ હોંશથી ખૂબ મોટા પ્રમાણમાં મહાત્મા ગાંધીજીના સત્યાગ્રહ આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો હતો. ભાગ લેનાર સ્ત્રીઓનું સંખ્યાબળ જોઈને પ્રગતિશીલ નેતાઓ પણ વિસ્મય પામ્યા. સ્વાતંત્ર્ય આંદોલનના હેતુઓમાં સ્ત્રીઓને નાગરિક અને રાજકીય જીવનમાં સમાનતાપૂર્વક હક આપવાનો હેતુ બેશક હતો જ. ૧૯૩૦માં તો સ્ત્રીઓને સંપૂર્ણ મતાધિકાર આપવાનો

વિચાર પાકો થઈ ચૂકયો હતો અને સ્વાતંત્ર્ય મળતા રાજકીય પદ્ધતિમાં તેનો સમાવેશ થઈ ચૂકયો છે.

## સ્ત્રી–પુરુષ વચ્ચે વધતું અંતર

સ્વાતંત્ર્ય બાદ પણ શહેરી–મધ્યમવર્ગીય પક્ષપાત તો ચાલુ જ રહ્યો.

જાહેર નીતિ ઘડનારાઓ—પછી તે સરકાર હોય કે સામાજિક સંસ્થાઓ યા મહિલા સંસ્થાઓ હોય—સૌનો મુખ્ય ઝોક સ્ત્રીઓ માટે શિક્ષણ, આરોગ્ય, કલ્યાણ સેવાઓ પૂરતો જ મર્યાદિત રહ્યો. **સ્ત્રીને મુખ્યત્વે વિકાસ નીતિની લાભાર્થી તરીકે જોવામાં આવી, નહિ કે વિકાસની સક્રિય ભાગીદાર તરીકે.** તેથી જ, સ્ત્રીઓ માટેના વિકાસ કાર્યક્રમો નામના, ઉપરછલ્લા જ રહ્યા, અને કલ્યાણકારી સેવાઓનું ધાર્યું પરિણામ આવ્યું નહિ,

કાળક્રમે સ્ત્રી–પુરુષ વચ્ચે શિક્ષણનું અંતર વધતું ગયું. સ્ત્રીઓ પુરુષો કરતાં અક્ષરજ્ઞાનમાં પાછળ પડી. પુરુષ કરતાં સ્ત્રીની આયુષ્ય મર્યાદા ઘટતી ગઈ, સ્ત્રીનું મૃત્યુ પ્રમાણ વધતું ગયું. કાયદા વડે પોતાને મળેલા હકો વિષે પુરુષોની જાણકારીના પ્રમાણમાં સ્ત્રીઓની જાણકારી નહિવત્ બની રહી. સમાજના સક્રિય અંગ તરીકે પુરુષ જાગ્રત બનતો ગયો પણ સ્ત્રી પોતાની જવાબદારીઓથી સાવ અજાણ જ રહેતી ગઈ. આ રીતે **પુરુષ કરતાં સ્ત્રીની પરિસ્થિતિ આઝાદ ભારતભરમાં ઉપરછલ્લા સુધારા દેખાતા હોવા છતાં ખરેખર વધુ કપરી બનતી ગઈ તે એક નક્કર હકીકત છે.** ( વધુ વિગતો આ લેખના બીજા વિભાગમાં જોઈશું. )

સમાજના સુજ્ઞજનોથી પુરુષ–સ્ત્રી વચ્ચેનું આ વધતું અંતર કયાંય સુધી અજાણ્યું–અદશ્ય રહ્યું. આયોજનકારો કે સામાજિક તત્ત્વજ્ઞાનીઓનું રુંવાડુંય ફરકયું નહિ.

હા, એ ખરું કે કેટલાક રક્ષણાત્મક કાયદાઓ સ્ત્રી ઔદ્યોગિક કામદારો માટે આંતરરાષ્ટ્રીય મજૂર સંઘના દબાણ હેઠળ અમલમાં આવ્યા, જેવાકે ખાણઉદ્યોગમાં સ્ત્રીઓને ભૂગર્ભમાં કામ ન આપવું, રાતપાળીના કામો સ્ત્રીઓ પાસે ન કરાવવા, પ્રસૂતિ સહાય, ઘોડિયાંઘર જેવી સેવાઓ સ્ત્રી કામદારોને આપવાની ઉદ્યોગો પર ફરજ પાડવામાં આવી. વળી, શિક્ષણક્ષેત્રે સ્ત્રીઓને માટે થોડી તકો જરૂર વધી. ઉપરાંત જાહેર અને રાજકીય સ્થાનો પર થોડીક સ્ત્રીઓની હાજરી પણ જણાવા લાગી. બસ, આટલાથી જ સંતોષ માની લેવામાં આવ્યો કે સ્ત્રીઓ માટે જે કરવાનું

હતું તે કરી લીધું છે, તેમજ, આઝાદી સમયે લીધેલા સમાન અધિકારોના શપથોનું પણ પાલન થઈ ગયું છે.

ઉચ્ચ શિક્ષણમાં વધુ પ્રમાણમાં સ્ત્રીઓ જોડાવા લાગી તે સ્ત્રીઓ મધ્યમ વર્ગની હતી. મધ્યમવર્ગનું જીવનધોરણ ઊંચું જતું હોવાથી મધ્યમવર્ગની ભણેલી સ્ત્રીઓ રોજગારીમાં પણ વધુ પ્રમાણમાં જોડાવા લાગી. વધુ પ્રમાણમાં શિક્ષિકાઓ અને સ્ત્રી દાક્તરો યુનિવર્સિટીમાંથી બહાર પડવા લાગ્યા. આથી એવી છાપ ઊભી થઈ કે જુઓજુઓ, સ્ત્રીઓની પરિસ્થિતિમાં કેવો ઝડપથી ફેરફાર આવી રહ્યો છે અને સ્ત્રીઓએ હવે સમાનતા હાંસલ કરી છે. શહેરના મધ્યમવર્ગની બહેનોમાં ફેરફાર થતો જોયો, પણ સમાજના અન્ય વર્ગમાં, તેમાંય ખાસ કરીને ગ્રામપ્રદેશોમાં સ્ત્રી—જનતાની કથળતી જતી પરિસ્થિતિ આયોજકો અને સમાજશાસ્ત્રીઓને માટે હજુ ગઈ કાલ લગી 'અદશ્ય' રહી હતી.

## બે મહત્ત્વની ઘટના

માત્ર તાજેતરની બે મહત્ત્વની ઘટનાઓએ તેઓનું ધ્યાન ચકિત કરી દીધું.

એક તો, વસતિ વધારો યા વસતિ ઘટાડો થવામાં સ્ત્રીઓની રોજગારી અને તેઓનો સામાજિક દરજ્જો મહત્ત્વનો ભાગ ભજવે છે એ હકીકત ધ્યાન બહાર રહી જવાને પરિણામે વસતિ નિયંત્રણના કાર્યક્રમમાં ધારેલી સફળતા મળી ન શકી.

બીજું, દેશની વિકાસ પ્રક્રિયાએ સામાજિક સમતુલા હલાવી દીધી છે, નકારાત્મક પરિબળો ડોકિયાં કરી રહ્યાં છે. જીવનની પ્રાથમિક જરૂરિયાતો સૌ પ્રજાજનોને પહોંચી નથી, પ્રજાના જુદાજુદા વર્ગો વચ્ચે અસમાનતા વધી છે, સ્ત્રીઓ નબળાં વર્ગ તરીકે સૌથી પછાત રહી છે. સ્ત્રીઓ—અર્ધી પ્રજા વિકાસની ગતિને ધીમી પાડે છે તે વાત ધ્યાન બહાર રહી જવાથી વિકાસના ધાર્યા પરિણામ આવ્યા નથી.

આ બંને ઘટનાઓને વધુ વિગતે જોઈએ.

## વસતિનિયંત્રણ અને સ્ત્રીઓ

વસતિનિયંત્રણની નિષ્ફળતાના કારણોનું સંશોધન કરતાં જાણવા મળ્યું કે પરિવાર નિયોજનની નીતિનો વિરોધ પ્રજાએ માત્ર પોતાના રૂઢિગત વિચારોને લીધે જ નહિ પણ આર્થિક કારણોને લીધે પણ કર્યો છે.

(૧) ગરીબ કુટુંબોમાં બાળકો નાનપણથી જ મજૂરીએ લાગતાં હોવાથી કુટુંબ માટે બાળક એક આર્થિક મૂડી છે.

(૨) રોજબરોજનું પેટિયું રળવા માટે ઝઝૂમતાં કુટુંબોને ભવિષ્ય માટે આયોજન કરવાનું કહેવું નિરર્થક છે. તેમના જીવનમાં ભાવિ એક અર્થવિહીન ખ્યાલ છે.

(૩) ઉપરાંત, જન્મે તેટલાં બધા બાળકો જીવશે તેવી માતાપિતાને ખાતરી નથી. આવા કારણોને લીધે કુટુંબ નિયોજનની નીતિને સ્વાભાવિકપણે જ જરૂરી આવકાર મળી શકયો નથી.

શિક્ષિત—શહેરી—મધ્યમવર્ગના સમાજોમાં પરિવાર નિયોજનને જેટલી સારી સફળતા મળી તેટલી નીચલાં મધ્યમવર્ગોમાં ન મળી. નીચલા મધ્યમ વર્ગમાં તાજા જ શ્રમજીવી વર્ગમાંથી જોડાયેલા કુટુંબો પણ હોય છે. ખેતીના મજૂરો આગળ વધીને ઔદ્યોગિક કામદાર બનેલા હોય, મજૂરવર્ગમાંથી કારકુન બનેલા હોય. આવી અવરજવરની અસર તેમના કુટુંબોની સ્ત્રીઓના દરજ્જા પર પડતી જોવા મળે છે. પોતાનું કુટુંબ સમાજમાં ઊંચું ગણાતું થાય તે માટે તેમની સ્ત્રીઓને ઘર બહારની આર્થિક પ્રવૃત્તિઓ કરવાની મનાઈ કરવામાં આવે છે.

પડદો પાળતી કોમમાં પરદો એ ઊંચા મોભાનું પ્રતિક બને છે. સ્ત્રીઓની નિષ્ક્રિયતા તેમજ સુંદર ઘરેણાં, કપડાં કુટુંબની વધેલી પ્રતિષ્ઠાની સામાજિક નિશાની બને છે. આ વર્ગોમાં બાળકોની સંખ્યા વધુ હોવાનું કારણ તેમની આર્થિક જરૂરિયાત નથી, પણ તેનાં કારણો કંઈક ઊંડા છે. આ સ્ત્રીઓમાંથી મોટા ભાગની સ્ત્રીઓ જે નથી પોતાના કુટુંબને કમાણી કરીને આર્થિક ટેકો કરતી, કે નથી શિક્ષણ દ્વારા બદલાતા સમાજને અનુરૂપ થઈને જીવન જીવવાની કળા જાણતી, તે સ્ત્રીઓ ઊલટાંની પોતાના કુટુંબને ભારરૂપ બને છે, અને તેથી તેવી સ્ત્રીઓ કુટુંબમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા વધુ બાળકો પેદા કરવા ચાહે છે. આ સ્ત્રીઓની લાચારીભરી સ્થિતિ અંગે સંશોધન થવું જરૂરી છે.

## વિકાસ પ્રક્રિયા અને સ્ત્રીઓ

અર્થશાસ્ત્રીઓ માનતા હતા કે એક વર્ગમાં સમૃદ્ધિ વધશે તો સમાજના અન્ય વર્ગોમાં પણ સમૃદ્ધિ ધીમેધીમે ફેલાશે. ખેડૂત પાસે આજે નાણાં આવશે તો

કાલે મજૂર પાસે આવવાના જ છે, શહેરમાં સમૃદ્ધિ વધશે તો ધીમેધીમે ગામડાઓમાં પણ કાળક્રમે સમૃદ્ધિ ફેલાશે, પણ હકીકતમાં તેવું બનતું નથી. માત્ર ભારતમાં જ નહિ પણ અન્ય ઘણાખરા વિકસતા દેશોમાં પણ જોવા મળ્યું છે કે આર્થિક વિકાસ થતાં સમાજમાં આર્થિક—સામાજિક અસમાનતાઓ વધુ તીવ્ર બની છે. જો વિકાસ વડે નબળા વર્ગને લાભ પહોંચાડવો હોય તો વિકાસ નીતિ એવી હોવી જોઈએ કે રોજગારી દ્વારા સામાન્ય પ્રજાની ખરીદશક્તિ વધે અને તેની પ્રાથમિક જરૂરિયાતો સહેલાઈથી સંતોષાય.

દેશના બેકારો અને અર્ધબેકારોમાં સૌથી વધુ સંખ્યા સ્ત્રીઓની છે. ભારતની મોટાભાગની સ્ત્રી પ્રજા ગામડામાં વસે છે, અરધી સાડી ઓઢે છે અને તે ખાસ કરીને મજૂરી અને ખેતીને લગતાં કામોમાં રોકાયેલી છે. ગુજરાતમાં પણ તેવું જ છે. ગુજરાતમાં ૧૨૮ લાખ સ્ત્રીઓમાંથી ૯૩ લાખ સ્ત્રીઓ ગામડામાં વસે છે. ગુજરાતમાં જે ૧૩ લાખ સ્ત્રીઓ ૧૦ ટકા રોજગારી કરે છે તેમાંથી ૮૨ ટકા સ્ત્રીઓ ખેતીના જ કામો કરે છે.

## ખેતી

ખેતીના ક્ષેત્રના અભ્યાસમાં જોવા મળ્યું છે કે ખેતીનું આધુનિકરણ તેમજ વ્યાપારીકરણ થતાં ખેતીકામમાંથી સ્ત્રીઓના કામકાજનો ફાળો ઘટયો છે. આધુનિક, વ્યાપારીકરણ થયેલી ખેતીમાં, રોકડિયા પાકની ખેતીમાં સ્ત્રીઓની કામગીરી સતત ઘટતી જાય છે. સ્ત્રીઓની બેકારીના મુખ્ય ત્રણ કારણો છે :

૧. ખેતીની આધુનિક પદ્ધતિઓ

૨. રોકડિયા પાકો

૩. નવીન ટેકનોલોજી

સ્ત્રીઓના પારંપારિક કામકાજો જેવાં કે ખેતી, ખેતીની પેદાશો અને તેમાંથી ખાદ્યસામગ્રી તૈયાર કરવાના કામો ઉપરાંત કાપડ—વસ્ત્ર ઉદ્યોગમાંના કામકાજો જેવાં કે કપાસ વાવવો, ચૂંટવો, કાલાં ફોલવાં, પીંજવું, કાંતવું. વણવું, સીવવું, છાપવું—આ તમામ પ્રક્રિયા સ્ત્રીઓ હસ્તકનાં પારંપારિક કુટિર ઉદ્યોગ ગણાય છે. પરંતુ આ બધા કામોનું આધુનિકરણ અને ઔદ્યોગિકરણ થવાને કારણે સ્ત્રીઓના હાથમાંથી તે કામો ચાલ્યા જાય છે, અને હસ્તઉદ્યોગ, કુટિર ઉદ્યોગની જગાએ કારખાનાના માલના

ઢગલે ઢગલા શહેરોના જ નહિ પણ ગામડાના બજારોમાં ખડકાયા છે. ગામડાની સ્ત્રીઓની બેકારીના કેટલાક દાખલાઓ જોઈએ :

(૧) ખેતીમાં નીંદામણ માટે રાસાયણિક દ્રવ્યોનો ઉપયોગ થતાં સ્ત્રીઓનું મોટામાં મોટું નીંદવાનું કામ ઘટવા લાગ્યું.

(૨) ચોખાની મિલો, લોટની મિલો, તેલની મિલો થવાથી ઘર આંગણે છડવાનું, દળવાનું, પીલવાનું કામ બંધ થઈ ગયું; મિલો ચલાવવાનું પુરુષોના હાથમાં ગયું.

(૩) રસોઈકામ અને પીરસવાનું કામ સ્ત્રીઓનું જ ગણાય છે. પરંતુ આધુનિકરણ આવતાં વીશી, રેસ્ટોરાં, ચોકલેટ, બિસ્કીટ, શરબતોના કારખાનાનું સંચાલન પુરુષોના હાથમાં ગયું.

(૪) કાપડની તમામ પ્રક્રિયા સ્ત્રીઓને હસ્તગત હોવા છતાં કાપડની મિલોમાં સ્ત્રીઓની સંખ્યા જૂજ છે. સ્ત્રીઓથી ચાલતા લાખો ચરખા અને સાળ ગામડાંમાં બંધ પડયા છે.

(૫) કપડાં ધોવાનું કામ સ્ત્રીઓનું, પણ શહેરોની લોન્ડ્રી પુરુષો ચલાવે છે.

(૬) દૂધ—ઉત્પાદન અને પશુપાલનનું કામ સ્ત્રીઓ કરે છે પણ ડેરી બનતાં તેના હાથમાંથી ઘી—માખણ, માવો બનાવાનું, વેચવાનું કામ ચાલી ગયું છે.

આ તો માત્ર થોડા ઉદાહરણો છે. વળી, આ બધી ગ્રામીણ પેદાશો અનાજ, કઠોળ, શાકભાજી, દૂધ, ફળફળાદિ વેચવા માટે સ્ત્રીઓ બજારમાં જતી, અને સારી રીતે પોતાનો વેપાર કરતી, પણ આજે બજારો મોટા થઈ ગયા છે, મોટા મૂડી રોકણો નાની વેપારી બહેનો કરી ન શકે, સહકારીકરણ થયેલી બજાર મંડળીઓમાં બહેનોને સભાસદ બનાવવામાં ન આવે, તેઓને ધિરાણની વ્યવસ્થા સુપ્રાપ્ય ન હોય તેને પરિણામે ધંધા વેપારમાંથી પણ સ્ત્રીઓ સાવ ફેંકાઈ ગઈ છે. કપાસ, શેરડી, ચોખા, મગફળી, દૂધનાં સહકારી બજારો આ ઘટનાની સાક્ષી પૂરે છે.

આમ થવાનું મુખ્ય કારણ આપણા અર્થશાસ્ત્રીઓએ અપનાવેલો આર્થિક સિદ્ધાંત છે. તેઓ માત્ર સવેતન રોજગારીને જ આર્થિક પ્રવૃત્તિ ગણાવતા હોવાથી મોટાભાગની સ્ત્રીઓને નિષ્ક્રિય ગણવામાં આવી છે. ભારતની સ્ત્રીઓનો ખરેખરો આર્થિક ફાળો ગણતરીમાં લેવામાં આવ્યો નથી. આયોજનકારો જે આંકડાઓ પર

આધાર રાખે છે તે આંકડાઓ પણ પરંપરાથી ચાલી આવતા કેવળ ભ્રામક અનુમાનો પરથી જ તૈયાર થયેલાં હોય છે.

દા. ત. આપણા વિદ્વાન અર્થશાસ્ત્રીઓ માને છે કે,

'કામ' નાણાના બદલામાં કરવામાં આવે છે.

'કામ' માત્ર આધુનિક વિભાગમાં જ રહેલું છે.

તેથી જ તો ભારતનું વસતિપત્રક એવું કહેવાની ધૃષ્ટતા કરી શકે છે કે ભારતમાં ૧૧ ટકા જ સ્ત્રીઓ કામ કરે છે! ઢોર ચારવા, દૂધ દોહવું, ઈંધણાં વીણવા, ચારો લાવવો, છાણાં થાપવાં, વાડામાં શાકભાજી ઉગાડવા, પ્રસૂતિ કરાવવી, માંદાની માવજત કરવી—આ અને આવાં અનેક પાયાનાં અને રોજિંદા કામોની કોઈ પત્રકમાં "કામ" તરીકે ગણના થતી નથી! ખેતી માટે બિયારણનો સંગ્રહ કરવો, દાળ—ડાંગર છડવાં, મમરા—પૌંઆ, ધાણી—ચણા બનાવવાં, ગોળ બનાવવો, વણાટ, કાંતણ, સિલાઈ કરવા, દોરડાં ગૂંથવા, માછીમારની જાળ ગૂંથવી, ટોપલા—ઝાડુ સૂપડાં બનાવવા, નળિયા, માટલા ઘડવા, મીઠાના અગર પર મીઠું પકવવું—આવા અનેક કામોને માહિતી સંશોધકો ભાગ્યે જ લક્ષમાં લે છે.: **આંકડાશાસ્ત્રીઓ સ્ત્રીઓને કામ કરતી જોતા નથી તેથી પત્રકોમાં નોંધતા નથી અને તેથી આયોજનકારો સ્ત્રીઓ માટે કામનું આયોજન કરતા નથી.**

ખેતીનો વિકાસ કરતી ત્રણ બાબતોએ જાણ્યેઅજાણ્યે ખેતીમાં આટલી બધી સક્રિય હોવા છતાં સ્ત્રીઓની અવગણના કરી છે.

૧. ખેતીની સુધારણા

૨. ખેતીનું આધુનિકરણ.

૩. રોકડિયા પાકને પ્રોત્સાહન.

પારંપારિક ખેતી કરતી સ્ત્રીઓને જમીનનો હક મળતો હતો પરંતુ વિદેશી હકૂમત હેઠળ જમીનને ખાનગી મિલકત ગણીને સ્ત્રીઓનો તે હક છીનવાઈ ગયો. સ્ત્રી જમીન પર ખેતી તો કરતી રહી પણ તે માલિક મટી ગઈ અને તેને પિતા—ભાઈની ઓશિયાળી રહેવાની ફરજ પડી.

**જ્યાં જ્યાં રોકડિયો પાક પ્રવેશ્યો ત્યાં તેને પુરુષોનું કામ ગણીને જરૂરી સાધનો અને તાલીમ માત્ર પુરુષોને આપવામાં આવ્યા.** પુરુષો સહેલાઈથી ઘર–ગામ છોડી શકતા હોવાથી આધુનિક અર્થતંત્રમાં જોડાવા લાગ્યા, જ્યારે સ્ત્રીઓને ઘર અને બાળકોની જવાબદારી હોવાથી ગામડાંમાં જ રહી. પેટિયું રળનારા અર્થતંત્રમાં જ પડી રહી. જેની પાસે રોકડ નાણું નહિ, જમીન પર હક નહિ, આધુનિક તાલીમ નહિ, તે સ્ત્રીઓને ખેતી સુધારણામાં યા વધુ ઉત્પાદનમાં કેટલો રસ પડી શકે ? અને પછી સરકારની વિકાસ યોજનાઓ ધીમી પડી જાય તેમાં શી નવાઈ ?

## શહેરી મજૂર સ્ત્રીઓ

તેવી જ રીતે, શહેરના મજૂર વર્ગની સ્ત્રીઓ પણ અન્યાયની ભોગ બની છે. તેઓના જીવનમાં નામેય ફુરસદ નથી. ઘરકામ—બાળ ઉછેર તો ખરાં જ ઉપરાંત શહેરી મજૂર સ્ત્રીઓને પોતાની મજૂરીનું વ્યાજબી વળતર કદી મળતું નથી. લઘુતમ વેતન, કામગીરીની પરિસ્થિતિ અને સલામતિના કાયદાઓના રક્ષણની ખાતરી માત્ર સંગઠિત ઉદ્યોગોમાં જ છે. અસંગઠિત વર્ગની પરિસ્થિતિ અને પ્રશ્નો અંગે ભાગ્યે જ કોઈ સંશોધન થયું છે. આ વિભાગમાં સ્ત્રીઓનું મોટું પ્રમાણ રોકાયેલું હોવા છતાં તેઓના પ્રશ્નો અંગે ભાગ્યે જ કાંઈ સંશોધન થયું છે. સ્ત્રીઓને જો સાચે જ વિકાસ પ્રક્રિયામાં સંયોજવાની હોય તો આ સંશોધન અત્યંત જરૂરી છે.

## ખેત મજૂરીમાંથી શહેરી મજૂરી તરફ

ખેતમજૂર સ્ત્રી–પુરુષોના મુખ્ય પ્રશ્નો આ છે: નીચા અને અસમાન મજૂરીના દર વિનાવેતન મજૂરી, આકરી અને સીઝનની મજૂરી, ભૂખમરાની સતત ધાસ્તી, દેવાદાર સ્થિતિ, બિનસલામતિ, સીમાંત ખેડૂતો અને ભાગિયા (જેઓ આવતી કાલના ખેત મજૂરો છે)ની દશા પણ ભાગ્યે જ આથી સારી કહી શકાય. ગામમાં યા ખેતીમાં નિર્વાહ ન થવાથી ન છૂટકે સ્ત્રીને પણ રોજગારીની શોધમાં ઘર છોડીને શહેરો તરફ જવું પડે છે. મોટા નગરોમાં ઘરકામ કરતી બાઈઓ, રસ્તા સડકો, બંધ, પૂલો, ઈમારતોની બાંધકામ મજૂરબહેનો, માથોડા મજૂરબહેનો, લારી ખેંચનાર મજૂરબહેનોના, નગરોની ભાગોળે કે નદી કાંઠે વધતા જતા પડાવો અને બસ્તીઓ આ હકીકતની સાક્ષી પૂરે છે.

ગામડાંમાંથી શહેરમાં ઠલવાતા આ શ્રમદળનો ઉપયોગ ઘણા ઉદ્યોગો સંગઠિત મજુરો સામે કરે છે અને સંગઠિત મજૂર ચળવળને આગળ વધવામાં અંતરાય

નાખે છે. લાચારી અનુભવતી, બૂરી હાલતમાં જીવતી આવી સ્ત્રીઓ શહેરનાં ઉદ્યોગોની શોષણખોરીનો ભોગ સહેલાઈથી બની જાય છે. આ જ મજૂરો આવતી કાલના સંગઠિત ઉદ્યોગના મજૂરો બને છે પણ ત્યારે ખચિત માલિકો સ્ત્રીઓને કાઢીને પુરુષોને ગોઠવી દે છે.

ગામડાંમાં ઘર આંગણે જીવનનિર્વાહ ન થવાથી વધુ ને વધુ સંખ્યામાં સ્ત્રીઓ વેશ્યાવાડા તરફ પણ ખેંચાતી જાય છે.

## વિકાસનો અભિગમ

જ્યારે જ્યારે સ્ત્રીઓના વિકાસનો વિચાર થાય છે ત્યારે ત્યારે આવું વિચારનારાઓનો અભિગમ કલ્યાણલક્ષી જ જોવા મળે છે. દલિત અને પતિત સ્ત્રીઓના ઉદ્ધાર માટેના કાર્યક્રમો પણ આ પ્રશ્નને કામચલાઉ કે આડેધડ ધોરણે હાથ પર લે છે. પરંતુ તેની પાછળના વાસ્તવિક અને મૂળભૂત કારણો દૂર કરવાનો ભાગ્યે જ પ્રયાસ થાય છે.

એક જિલ્લામાં પતિત બહેનોને એક ગામડામાં નાની વણાટસાળ આપીને વસાવવામાં આવી. વણાટની તાલીમ આપ્યા બાદ તેઓ લાદી સાફ કરવાનાં નાનાં પોતા ઉત્પાદન કરવા લાગ્યા, પરંતુ માલ વેચાયો નહિ, કારણ કે આજુબાજુના ગામોમાં એકે પાકું ઘર નહોતું કે જેને લાદી સાફ કરવાના પોતાની જરૂર પડે ! આ રીતે, તેમને વણાટ કૌશલ્યની તાલીમ જોડે મેનેજમેન્ટ કે બજારનો અભ્યાસ કરવાની તાલીમ મળી નહોતી. આવી સંપૂર્ણ તાલીમ મળે તો જ તેઓ સ્વયંધંધો યા નોકરી અપનાવી પગભર થઈ શકે. ટૂંકમાં **સ્ત્રીઓ માટેના કલ્યાણ કાર્યક્રમોને આર્થિક વિકાસની વિશાળ નીતિના ધ્યેયો અને કાર્યક્રમોની સાથે સુસંગત કરવામાં આવે તો જ સ્ત્રીઓનું સાચું કલ્યાણ થતું જોવા મળી શકે.**

## નોકરિયાત સ્ત્રીઓ

અમુક નોકરીઓમાં સ્ત્રીઓનો પ્રવેશ વધી રહ્યો છે તેનું કારણ મધ્યમવર્ગની આર્થિક પરિસ્થિતિ બદલાઇ રહી છે તેમજ સ્ત્રીઓને શિક્ષણ લેવાની તકો પણ વધી છે. તેમ છતાં નીતિ ઘડનારાઓએ આવી સ્ત્રીઓની વિશિષ્ટ જરૂરિયાતો પર ભાગ્યે જ લક્ષ આપ્યું છે. કારખાનાની સ્ત્રી કામદારોના બાળકો માટે ઘોડિયાંઘરની

જોગવાઈ કરવામાં આવી છે, પણ નોકરિયાત સ્ત્રીઓ માટે એવી જોગવાઈ નથી. શિક્ષિકા, કારકુન, ટાઈપીસ્ટ, રીસેપ્શનીસ્ટ, નર્સ, આયા, પરબવાળી બહેનોને શું બાળકો નથી ? એમ માની લેવામાં આવ્યું હશે કે આ સ્ત્રીઓ સુખી ઘરમાંથી આવતી હોવાથી પોતાના બાળકો માટે સગવડ કરી લેતી હશે પણ આ સાચું નથી, બદલાતી સામાજિક આર્થિક પરિસ્થિતિ, ઘસાતી જતી આર્થિક સલામતી વિલુપ્ત થતાં, સંયુક્ત કુટુંબો આ બાબતોને લક્ષમાં લીધા વિના કેમ ચાલી શકે ?

## સ્ત્રીઓનું શિક્ષણ

શિક્ષણ અને નોકરીઓનો ઘનિષ્ટ સંબંધ દેખીતો છે. નોકરી મેળવવા માટે ભણતર ઉપયોગી સાધન છે, પરંતુ સ્ત્રીઓના શિક્ષણની નીતિએ આ પ્રશ્નને લક્ષમાં ન લેતાં પેલો રૂઢિગત અભિગમ જ ચાલુ રાખ્યો છે કે સ્ત્રીઓ માટે શિક્ષણ એ કલ્યાણનું સાધન છે, નહિ કે રોજગારીનું. સ્ત્રીને માત્ર કુશળ ગૃહિણી બનાવવા પ્રત્યે જ હાલની કેળવણીનો મુખ્ય ઝોક રહ્યો છે.

ટીકાકારો ઘણીવાર કહે છે કે સ્ત્રીઓ પોતે જ રોજગારલક્ષી અભ્યાસ કરતાં ગૃહલક્ષી અભ્યાસક્રમો વધુ પસંદ કરે છે. વાત સાચી હશે, પણ તે માટે બે બાબતો લક્ષમાં લેવા જેવી છે :

(૧) રૂઢિગત વ્યવસાયો ( ઓક્યુપેશનલ સ્ટીરીઓટાઈપ્સ )ની વિચારસરણી સ્ત્રીઓની તકોને મર્યાદિત બનાવી દે છે, એટલે કે સદીઓથી નર્સ, શિક્ષિકા, ડૉક્ટર, ટાઈપીસ્ટ જેવી જ નોકરીઓ કરાય પણ સુથાર, પ્લમ્બર, ફીટર, બસ કન્ડક્ટર, ડ્રાઈવર, ફોટોગ્રાફર, રિપોર્ટર એવી નોકરીઓ તો થાય જ નહિ તેવી માન્યતા સ્ત્રીઓના વિકાસને સતત રૂંધી રહી છે.

(૨) સ્ત્રીઓની શિક્ષણસંસ્થાઓમાં વિષયોની પસંદગીની જોગવાઈ બહુ જ મર્યાદિત હોય છે.

વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્રો પણ અભ્યાસક્રમો નક્કી કરતાં પહેલાં રોજગાર બજારની જરૂરિયાતો અને માગોની તપાસ ભાગ્યે જ કરાવે છે. પરિણામે આ કેન્દ્રોમાં તાલીમ પામેલી બહેનોને યોગ્ય નોકરી યા રોજગારી મેળવવામાં ઘણી મુશ્કેલી પડે છે. આવા સંજોગોમાં રોજગારલક્ષી અભ્યાસક્રમો પરત્વે બહેનોની નાપસંદગી ઊતરે તે સમજી શકાશે.

## અર્થતંત્રના વિશાળ સંદર્ભમાં સ્ત્રીઓ

સમાજશાસ્ત્રીઓ તેમજ સ્ત્રી પ્રશ્નો માટે લડનારાઓ પણ સ્ત્રી રોજગારના પ્રશ્નને સમગ્ર આર્થિક, સામાજિક વિકાસના વિશાળ સંદર્ભમાં જોવાને બદલે બહુ સાંકડો દૃષ્ટિકોણ લઈ બેસે છે. આવા અધૂરા સંશોધનો ઘણીવાર કેટલાક ભ્રમ પેદા કરીને સાચા પ્રશ્નને વધુ ગૂંચવે છે. દા. ત. કાપડસૂતરની મિલો, શણની મિલો, કોલસાની ખાણોમાં સ્ત્રી કામદારોની ઘટતી સંખ્યાનું કારણ આજ લગી સ્ત્રીઓને કાયદા હેઠળ આપવી પડતી પ્રસૂતિસહાય, ઘોડિયાંઘર જેવી સવલતોને માનવામાં આવતું હતું. ઝીણવટભરી તપાસ દર્શાવે છે કે ઉદ્યોગમાં યંત્ર વિદ્યામાં થયેલા ફેરફારોને કારણે તથા સ્ત્રી કામદારો માટે જરૂરી નવી કૌશલ્ય તાલીમની તક ન આપવાને કારણે તેઓને બેકાર થવું પડ્યું છે આ બેકારીનું કારણ પેલા મજૂર કાયદાઓ નથી તેવું સ્ત્રીઓની નવી ભરતી કરતાં ઉદ્યોગો જેવા કે ગાર્મેન્ટ, ઈલેકટ્રોનિકસ, હોટેલના ઉદ્યોગોએ એ પુરવાર કર્યું છે.

દક્ષિણ એશિયાના ઘણાખરા દેશોમાં સ્ત્રીઓની રોજગારીની પરિસ્થિતિ ભારત જેવી જ છે. સ્ત્રીઓનો પ્રશ્ન આટલા દાયકા સુધી સુપુપ્ત રહ્યા પછી હવે ઉભર્યો છે, કારણ કે વિકાસ કાર્યક્રમો ધાર્યા પરિણામ લાવી શક્યા નથી. જાહેર નીતિ ઘડનારાઓએ આ પ્રશ્નને સાચા સ્વરૂપમાં જોવો જોઈએ.

રૂઢિગત સમાજમાં સ્ત્રીઓને સમાનતાના ધોરણે તો સ્વીકારવામાં આવી નહોતી. પરંતુ તેઓને કમાઉ, સમાજોપયોગી અને ખાતરીબંધ કામોની જોગવાઈ જરૂર કરી આપવામાં આવી હતી. આધુનિકરણની પ્રક્રિયા અને ખાસ તો આર્થિક પરિવર્તનને કારણે સ્ત્રીના પારંપારિક કાર્યો વિક્ષેપ પામ્યાં છે અને ખાતરીઓ બિનઅસરકારક નીવડી છે. આથી નવી ખાતરીઓની જરૂર ઊભી થઈ છે પરંતુ **જો સ્ત્રીઓના પ્રશ્નને એક પરોપકારી ભાવથી અને ઉપરછલ્લા મુદ્દા તરીકે જ ગણવામાં આવશે તો તેનો ઉકેલ કદી મળવાનો નથી.** નીતિ ઘડનારાઓ માટે પ્રશ્ન એ નથી કે વિકાસમાં સ્ત્રીઓનું સંયોજન કેમ કરવું. **પ્રશ્ન એ છે કે વિકાસમાં સંયોજિત થયેલી છે તે સ્ત્રીઓનું વિસ્થાપન કેમ અટકાવવું.** આર્થિક અને સામાજિક પ્રક્રિયામાં સ્ત્રીઓને પુનઃ સ્થાપિત કરવાની તાત્કાલિક જરૂર છે, ત્યારપછી જ નવી સામાજિક સમતુલા રચવાની વાત શરૂ કરી શકાય.

# [૨]

# ભારતમાં સ્ત્રીઓની આજની પરિસ્થિતિ

આર્થિક અને સામાજિક વિકાસ પ્રક્રિયામાં સ્ત્રીઓને પુનઃ સ્થાપિત કરવાનાં પગલાં અંગે વાત કરીએ તે પહેલા ભારતની સ્ત્રીઓની આજે સામાજિક—આર્થિક સ્થિતિ કેવી છે તે ટૂંકમાં જોઈએ.

વિકાસના ધાર્યા પરિણામો ન આવતાં અનેક વિદ્વાનોને ગંભીર વિમાસણમાં મૂકી દીધા છે, અનેકોનાં અનેકાનેક ભ્રમ ભાંગ્યા છે. સ્ત્રીઓના પ્રશ્નો અંગેના સંશોધનમાં હવે સરકારને પણ વધુ ઊંડા ઊતરીને સત્ય સંશોધન કરવું જરૂરી લાગ્યું છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ સોશિયલ સાયન્સ રીસર્ચ નામની ભારત સરકારની સંશોધક સંસ્થાએ સ્ત્રીઓના પ્રશ્નો, તેમની સ્થિતિ, તેમનો દરજ્જો અંગે તાજેતરમાં ઘણા અભ્યાસો કરાવ્યા છે અને વધુ હાથ પર લીધા છે. આ બધા સંશોધનો એક ગંભીર ચિંતાજનક હકીકત એ દર્શાવે છે કે **સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને સ્ત્રીઓની સ્થિતિ બંનેનું સતત પતન થઈ રહ્યું છે, એટલું જ નહિ પણ છેલ્લા ત્રણ દાયકામાં આ પતન વધુ વેગીલું બન્યું છે.** નીચેના પાંચ વલણો પરથી આ હકીકત પુરવાર થાય છે.

૧. સ્ત્રીઓ અને બાળકીઓનું મૃત્યુ પ્રમાણ વધતું જાય છે.

૨. આરોગ્ય સેવાઓ અને દાકતરી સારવાર જેટલા પ્રમાણમાં પુરુષોને પહોંચે છે તેના કરતાં ઘણા ઓછા પ્રમાણમાં સ્ત્રીઓને પહોંચે છે.

૩. કુલ વસતિમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે.

૪. અક્ષરજ્ઞાન, શિક્ષણ અને વ્યવસાયી તાલીમનું પ્રમાણ પુરુષોની સરખામણીએ સ્ત્રીઓમાં ઘણું નીચું જતું જાય છે.

૫. સ્ત્રીઓની રોજગારીમાં ૧૯૫૧ થી ઝડપી ઘટાડો નોંધાયો છે.

અહીં આપણે સ્ત્રી—વિકાસને મૂળમાં જ અવરોધતા મુખ્ય ત્રણ મુદ્દાઓને તપાસીએ :

૧. આરોગ્ય　　　૨. રોજગારી　　　૩. શિક્ષણ

# ૧. આરોગ્ય

## સ્ત્રીનું મૃત્યુ પ્રમાણ અને આયુષ્યમર્યાદા

સામાન્ય રીતે પુરુષો કરતાં સ્ત્રીઓ લાંબુ જીવે છે તેવું જીવવિજ્ઞાન કહે છે, એટલે સ્ત્રીઓનું આયુષ્ય પુરુષો કરતાં લાંબુ હોય છે. ભારતમાં પણ સીત્તેર વર્ષ પહેલાં આવું જ હતું. પરંતુ તાજેતરના દશકાઓમાં ભારતમાં સ્ત્રી અને પુરુષ બંનેનું આયુષ્ય વધ્યું હોવા છતાં સ્ત્રીઓનું ઓછું વધ્યું છે. ભારત સરકારના સેન્ટ્રલ બ્યુરો ઓફ હેલ્થ ઇન્ટેલિજન્સના આંકડા અનુસાર પુરુષ જન્મે તે વખતે ૫૩.૨ વર્ષના આયુષ્યની અપેક્ષા રાખી શકે છે જ્યારે સ્ત્રી ૫૧.૮ વર્ષની. આજથી થોડાં વર્ષો પહેલાં જો સ્ત્રી ૪૫ વર્ષની ઉંમરે પહોંચે તો પુરુષ કરતાં વધુ લાંબા આયુષ્યની અપેક્ષા રાખી શકતી હતી. પરંતુ હવે તે ૪૯—૫૦ વર્ષની થાય પછી જ વધુ લાંબા આયુષ્યની અપેક્ષા રાખી શકે છે.

સ્ત્રીઓનું આયુષ્ય ઓછું રહે છે કારણ કે સ્ત્રીઓમાં બાળપણમાં જ વધુ પ્રમાણમાં મૃત્યુ થાય છે. ભારત જેવા ગરીબ દેશમાં બાળકોનું મૃત્યુ પ્રમાણ વધારે હોય છે, પણ તેમાંય છોકરાઓ કરતાં છોકરીઓ—બાળકીઓ વધુ પ્રમાણમાં મૃત્યુ પામતી હોય છે.

જીવશાસ્ત્ર તો એમ કહે છે કે માતાના ઉદરમાં પુરુષગર્ભ કરતાં સ્ત્રીગર્ભ વધુ મજબૂત હોય છે. આમ છતાં જો બાળકીઓનું મૃત્યુ પ્રમાણ વધારે હોય તો તે ચિંતાજનક બાબત છે. પહેલાં જન્મ પામેલી બાળકીને દૂધ પીતી કરવાનો રિવાજ હતો, પણ હવે તો તે રિવાજ સાવ અટકી ગયો છે. છતાં પણ તેનું મૃત્યુ પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટતું ન હોય તેનો અર્થ એટલો જ કે નવી જન્મેલી બાળકીઓ તરફ ઓછું ધ્યાન અપાય છે, તેની અવગણના થાય છે.

આંકડાઓ પણ આ જ વાત પોકારીને કહે છે. ૧૯૫૧ના વસતિ ગણતરીના આંકડા પ્રમાણે બાળકીઓનું મૃત્યુપ્રમાણ જન્મથી શરૂ કરીને પાંચ વર્ષની ઉંમર સુધી વધતું રહેતું હતું. પરંતુ તે પછીના વર્ષોમાં જન્મથી માંડી ૯ વર્ષ સુધી મૃત્યુપ્રમાણ ઊંચું જ રહ્યું છે. આમ **પુરુષ બાળકો કરતાં બાળકીઓનું મૃત્યુપ્રમાણ વિશેષ છે એ** જરૂર ચિંતા ઉપજાવે તેવી હકીકત છે.

જેમ બાળપણમાં સ્ત્રીજીવનને જોખમ છે તેમ ગર્ભાધાનની ઉંમર દરમિયાન પણ જોખમ છે, તેથી જ ૧૫ થી ૩૪ની વય દરમિયાન મૃત્યુપ્રમાણ સવિશેષ

છે. એક લાખ પ્રસૂતિએ ૫૭૩ સ્ત્રીઓ મૃત્યુ પામે છે. તેની સરખામણીમાં શ્રીલંકા જેવા દેશમાં ૨૦૦ અને અન્ય ગરીબ દેશોમાં ૧૦૦ થી યે ઓછી સ્ત્રીઓ મૃત્યુ પામે છે. પુરુષો કરતા સ્ત્રીઓની વસતિ ઘટતી જતી હોવાનું આ જ મોટું વિકરાળ કારણ છે. ભારત માટે આ એક રાષ્ટ્રીય નાલેશી કહી શકાય.

સ્વાતંત્ર્ય પછી એવી આશા હતી કે આરોગ્ય અને શિક્ષણ પાછળ આટલા બધા સાધનો ખર્ચાયા હોવાથી તેમજ કાયદાઓમાં સ્ત્રીઓને પૂરતા હકો અપાયા હોવાથી તેમની જીવન પરિસ્થિતિમાં સુધારો થશે, પરંતુ વાસ્તવમાં પરિસ્થિતિ વધુ વણસી છે.

## ભારતમાં ૧૦૦૦ પુરુષોએ સ્ત્રીઓની વસતિ

| ૧૯૦૧ | ૧૯૧૧ | ૧૯૨૧ | ૧૯૩૧ | ૧૯૪૧ | ૧૯૫૧ | ૧૯૬૧ | ૧૯૭૧ |
|---|---|---|---|---|---|---|---|
| ૯૭૨ | ૯૬૪ | ૯૫૫ | ૯૫૦ | ૯૪૫ | ૯૪૬ | ૯૪૧ | ૯૩૦ |

## આરોગ્ય અને દાક્તરી સેવાઓ

અખિલ ભારતીય પોષક આહારની સંસ્થા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુટ્રીશનનો તાજેતરનો હેવાલ જણાવે છે કે અપોષણનું પ્રમાણ બાળકીઓ તથા યુવાન સ્ત્રીઓમાં સૌથી વધુ જોવા મળે છે. અપોષણને કારણે થતા રોગોનું પ્રમાણ સ્ત્રીઓમાં વિશેષ હોવા છતાં તે રોગોની હોસ્પિટલમાં સ્ત્રી કરતાં પુરુષ દર્દીઓ વધુ ભરતી થાય છે.

પ્રસૂતિને કારણે સ્ત્રીઓનું મૃત્યુ આટલા મોટા પ્રમાણમાં થતું હોવા છતાં હોસ્પિટલની કુલ સગવડોના ૧૭ ટકા જ પ્રસૂતિસેવા માટે વપરાય છે. તાજેતરમાં બહાર પડેલા ગ્રામીણ સ્વાસ્થ્ય સેવાના હેવાલ મુજબ પ્રસૂતિમાં પાંડુરોગ અને ચેપ લાગવાનું પ્રમાણ સૌથી વધુ છે. વળી, સરકારી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની સેવાઓ મર્યાદિત છે, ૯૦ ટકા પ્રસૂતિઓ આજે પણ દાયણો પાસે થાય છે.

કેરળ અને તામિલનાડુના પ્રયોગોએ પુરવાર કર્યું છે કે સામાજિક સંસ્થાઓએ ગામડાની બહેનોને ટૂંકી તાલીમ આપીને હજારો ગામડાંઓને અમૂલ્ય સેવાઓ પહોંચાડી છે પરિણામે એ બે રાજ્યોમાં સ્ત્રીઓની મૃત્યુસંખ્યા ઘટી છે, સ્ત્રીઓની વસતિ વધી છે.

## ૨. રોજગાર

### વસતિ અને રોજગારીમાં સ્ત્રીઓ

દેશમાં સ્ત્રીઓની વસતિ ઘટી રહી છે એટલું જ નહિ પરંતુ સાથોસાથ તેમનું રોજગારીનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. તેમની બેકારી વધી રહી છે. ૧૯૫૧ની સાલથી સ્ત્રીઓ વધુ ને વધુ પ્રમાણમાં બેકાર બની રહી છે. ૧૯૧૧થી ૧૯૫૧ના વર્ષો દરમિયાન પુરુષ કામદારોની સંખ્યામાં ૨૭ ટકાનો વધારો થયો છે, જ્યારે સ્ત્રી કામદારોની સંખ્યામાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે.

૧૯૧૧માં ૧૦૦૦ પુરુષોએ ૫૨૫ સ્ત્રીઓ રોજગારીમાં હતી.

૧૯૫૧માં ૧૦૦૦ પુરુષોએ ૪૦૮ સ્ત્રીઓ રોજગારીમાં હતી.

૧૯૭૧માં ૧૦૦૦ પુરુષોએ ૨૧૦ સ્ત્રીઓ રોજગારીમાં હતી.

આ જ વાતને બીજી રીતે જોઈએ તો ૧૯૫૧માં પુરુષો અને સ્ત્રીઓની વસતિમાં ૮૯ લાખનો ગાળો હતો. ૧૯૭૧માં તે વધીને ૧૯૯ લાખનો થયો છે. એટલે કે રોજગારીમાં પુરુષો કરતાં સ્ત્રીઓ ૧૯૯ લાખ જેટલી ઓછી રહી છે.

આ જ ગાળામાં ખેતીવાડીમાં પુરુષોની રોજગારીમાં ૩૪૩ લાખ જેટલો વધારો થયો છે જ્યારે સ્ત્રીઓની રોજગારી જે ૩૧૦ લાખ જેટલી હતી તે ઘટીને ૨૫૦ લાખ જેટલી થઈ છે. ખેતી સિવાયના ઉદ્યોગધંધાઓમાં સ્ત્રીઓની રોજગારીનું પ્રમાણ ૯૩ લાખ પરથી ઘટીને ૬૨ લાખનું થયું છે, જ્યારે પુરુષોની સંખ્યા ૩૨૮ લાખ પરથી વધીને ૪૮૪ લાખની થઇ છે.

વસતિ ગણતરીમાં "સ્ત્રી કામદાર"ની વ્યાખ્યા બદલાવાને કારણે આ પ્રમાણ ઓછું દેખાય છે તેવી દલીલના જવાબમાં સ્ટેટસ ઓફ વીમેન કમિટીનો હેવાલ જણાવે છે કે :

"અમારા મત મુજબ, વ્યાખ્યાને કારણે, બહુ મોટો ફેર પડવાનો નથી, બહુ તો આશરે ૨૩ લાખનો ફેર પડે છે. ૧૯૭૧ના ફેરગણતરી કરેલ આંકડા પ્રમાણે પણ **૧૯૬૧ અને ૧૯૭૧ના ગાળા દરમિયાન સ્ત્રીઓની રોજગારી ગામડાંમાં ૫૦ ટકા અને શહેરોમાં ૩ ટકા ઘટી છે.**"

અન્ય સંશોધનોના હેવાલો મુજબ પણ પારંપારિક, આધુનિક તેમજ મિશ્ર વિભાગોના વ્યવસાયોમાંથી સ્ત્રીઓની આર્થિક પ્રવૃત્તિ ઘટતી જાય છે, ખાસ કરીને ગામડાંઓમાં જ્યાં સ્ત્રીઓનો આર્થિક ફાળો હંમેશ વધુ રહ્યો છે ત્યાં વિશેષ કરીને બેકારી આવી છે. ૧૯૫૧ પછી બેકારીની ઝડપ વધી છે તે સ્પષ્ટ છે. ( જુઓ કોઠો પરિશિષ્ટ "અ" )

શહેરોની અસંગઠિત સ્ત્રી–મજૂરોના અભ્યાસોમાં પણ એવું સ્પષ્ટ પુરવાર થયું છે કે ગામડાંમાંથી શહેરમાં સ્થળાંતર કરવાનું મુખ્ય કારણ તેમના પારંપારિક વ્યવસાયો બંધ થઈ ગયા તે જ છે. " વ્હાઈટ કોલર " નોકરીઓમાં સ્ત્રી સંખ્યા વધતી દેખાવાથી મોટાભાગની ગ્રામીણ સ્ત્રીઓ ( બ્લુ બ્લાઉઝ વીમેન )ની પૂર ઝડપે વધતી બેકારીની પરિસ્થિતિ ઢંકાઈ ગઈ છે.

સ્વરોજગાર ઊભો કરવાના સ્ત્રીઓના કેટલાક પ્રયાસો સફળ થઈ શકયા નથી, કારણકે કૌશલ્યની તાલીમ સાથે જરૂરી તેવી વહીવટી અને બજાર અભ્યાસની તાલીમ સ્ત્રીઓને મળી હોતી નથી. વળી. ધિરાણ અને કાચો માલ સુપ્રાપ્ય ન હોવાને કારણે પણ નિષ્ફળતા મળે છે.

આ તબકકે ગુજરાતમાં જ થઈ રહેલા એક પ્રયોગનો ઉલ્લેખ કદાચ ઉપયોગી થાય તેમ સમજીને અહીં નોંધ્યો છે. અમદાવાદમાં " સેવા " તરીકે ઓળખાતું સ્વરોજગારી કરતી બહેનોનું સંગઠન નામે 'સેલ્ફ એમ્પ્લોઇડ વીમેન એસોસિયેશન'માં શાકભાજી વેચનાર, જૂના કપડાં વેચનાર, સિલાઈ કરનાર, લારી ખેંચનાર, ભંગારમાંથી સુથારી–લુહારી કરનાર અને ગામડાની વણકર, ખેત મજૂર કાલા ફોલનાર, દૂધ ઉત્પાદન કરનાર બહેનો સભાસદ તરીકે જોડાયેલ છે. સભ્યો માટે સસ્તું ધિરાણ, કાચો માલ, સ્વાસ્થ્ય અને પ્રસુતિ યોજના તેમજ સસ્તા વસવાટ અને બચતની યોજના વડે સભ્યોની સેવા કરવામાં આવે છે. એક ગામડામાં મૃતઃપ્રાય વણાટનો ઉદ્યોગ સંગઠન થવાને પરિણામે પુનર્જીવન પામ્યો. યુનિવર્સિટી અને અન્ય તાલીમી સંસ્થાઓના સહયોગથી આ સંસ્થાએ નિરક્ષર સભ્યોને આધુનિક બજારની રીતો સરળતાથી શીખવી છે. તેમજ હાથલારી માટે નેશનલ ઓકયુપેશનલ હેલ્થ ઈન્સ્ટિટયૂટ દ્વારા લારીની નવી સરળ ડિઝાઈન તૈયાર કરાવવા પ્રયાસ કરે છે. આ સંસ્થાનો પ્રયોગ એટલું તો જરૂર પુરવાર કરે છે કે ગરીબ સ્ત્રીઓને આવી વિશિષ્ટ સેવા સંસ્થાઓની અત્યંત આવશ્યકતા છે.

Acc. No. 130288
Date

## ૩. શિક્ષણ

૧૯૫૧ થી ૧૯૭૧ દરમિયાન સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૮ ટકાથી વધીને ૧૮.૬ ટકા થયું છે પરંતુ, સાથેસાથે ભારતમાં કુલ નિરક્ષર સ્ત્રીઓની સંખ્યા પણ ૧૫૮ લાખથી વધીને ૨૧૪ લાખ સુધી પહોંચી છે. મોટાભાગની એટલે કે ૬૭ ટકા નિરક્ષર સ્ત્રીઓ પુખ્ત ઉંમરની છે. ગામડાંમાં તો સરેરાશ સ્ત્રી સાક્ષરતાનું પ્રમાણ ૧૦ ટકાથીય નીચું છે. અહીં પણ પુરુષ—સ્ત્રી વચ્ચેનું શિક્ષણનું અંતર વધુ છે. પુરુષો ૩૯ ટકા, સ્ત્રીઓ ૧૮ ટકા સાક્ષર છે. શિક્ષણ આગળ વધતાં સ્ત્રીઓ પુરુષો કરતાં વધુને વધુ પ્રમાણમાં પાછળ પડતી જાય છે, તે નીચેના આંકડા પરથી ખ્યાલ આવે છે.

| શિક્ષણની કક્ષા | પુરુષ | સ્ત્રી |
|---|---|---|
| નિરક્ષર | ૧૦૦૦ | ૧૩૪૨ |
| લખી વાંચી શકે | ૧૦૦૦ | ૪૭૪ |
| માધ્યમિક | ૧૦૦૦ | ૩૭૧ |
| એસ. એસ. સી. | ૧૦૦૦ | ૨૭૭ |
| ગ્રેજ્યુએટ | ૧૦૦૦ | ૨૪૬ |

આ બાબત બીજી રીતે પણ જોઈએ.

૧૦૦૦ છોકરાએ ૬૮ છોકરીઓ નિશાળમાં દાખલ થાય છે શાળામાં દાખલ થયા પછી પણ છોકરીઓને અધવચ્ચેથી જ માબાપ ઉઠાડી લે છે.

૧૦૦ છોકરીઓ દાખલ થઈ તેમાંથી ૨૬ છોકરીઓ પાંચમા ધોરણ
" " " " ૧૨ " દસમા ધોરણ
" " " " ૩ " એસ. એસ. સુધી પહોંચે છે.

ભારતમાં એસ. એસ. સી. પાસ થયેલ બહેનોનું પ્રમાણ ૧.૪ ટકા છે અને ડિગ્રી ધરાવનાર બહેનોનું પ્રમાણ ૦.૦૩ ટકા છે. તે પરથી જ સ્ત્રી શિક્ષણના કંગાલ ચિત્રનો ખ્યાલ આવી શકશે.

# [૩]
# ત્યારે કરીશું શું ?

## અ. સરકાર તાત્કાલિક શું કરી શકે ?

### રોજગારી

* સ્ત્રીઓની વધતી જતી બેકારી અને અર્ધબેકારીને રોકવા માટે સરકારે છઠ્ઠી યોજનામાં તથા અન્ય રાષ્ટ્રીય નીતિઓમાં ખાસ એવી જોગવાઈ કરવી જોઈશે કે આવતા પાંચ વર્ષને અંતે સ્ત્રી વસતિના ઓછામાં ઓછા ૨૫ ટકાને નાનીમોટી રોજગારી મળે. આમ થશે તો આજથી ૧૫ વર્ષ પહેલાંની સ્થિતિ પર પહોંચીશું.

* આજની સરકાર રોજગારી તકો વધારવા તથા નવી તકો ઊભી કરવા માટે નાના ઉદ્યોગો, કુટિર ઉદ્યોગો, જાહેર બાંધકામો, વેપાર વાણિજ્યની નાની છૂટક સેવાઓ પર વધુ આધાર રાખે છે. આ વિભાગો તેમના ૨૫ ટકા રોકાણો સ્ત્રીઓની રોજગારી વધારવા માટે વાપરે તેવી જોગવાઈ કરવી.

* લાગતાવળગતા મંત્રાલયો, આયોજન પંચ, રાજ્ય સરકારોને એવો આદેશ આપવો કે કોઈ પણ યોજનાની પૂર્વતૈયારીમાં નીચેની બાબતોની માહિતીનો સમાવેશ કરવામાં આવે :–

૧. જે તે વિસ્તારોમાં રોજગારી ચાહતી સ્ત્રીઓની સંખ્યા અને ક્ષમતાની માહિતી.

૨. સ્ત્રીઓની ચાલુ હસ્તગત કામગીરીની યાદી તેમજ વધુ કૌશલ્ય મળ્યા બાદ તેઓ કઈ કઈ આર્થિક પ્રવૃત્તિઓ કરી શકે, તેનો અંદાજી હેવાલ.

૩. સ્ત્રીઓની રોજગારીથી વિકાસ પર પડનારી સંભવિત અસર.

૪. સ્ત્રીઓ નિશ્ચિતપણે ખંતપૂર્વક કામ કરી શકે તે માટે તેઓને જરૂરી હોય તેવો તાલીમ, વસવાટ, વાહન. સલામતી, આરોગ્ય અને બાળસંભાળ કેન્દ્રો વગેરેની વ્યવસ્થાની શકયાશકયતા અંગેની માહિતી.

* સ્ત્રીઓની જરૂરિયાતો અને પ્રશ્નોને સમજવા સ્થાનિક સંસ્થાઓના કાર્યકર્તાઓ જેવા કે ગ્રામસેવિકા, બાલસેવિકા, આરોગ્ય અને એની વિસ્તરણ સેવાના કાર્યકર્તાઓ, મહિલા મંડળો, ભજનમંડળીઓ, દાયણો, ઢોરોના દાક્તરો, વૈદો બધાના સલાહ—સૂચના—સાથ લેવાનું તથા તેમના અનુભવો જાણવાનું આયોજનકારોએ હરગિઝ ચૂકવું નહિ જોઈએ.

* વિકાસ સેવાઓને ગામની ગરીબમાં ગરીબ સ્ત્રી સુધી પહોંચાડી શકે એવી સ્થાનિક મહિલા સંસ્થાઓની જરૂરિયાત પર લક્ષ આપવું. ગરીબ, હરિજન, આદિવાસી, ભૂમિવિહોન, સીમાન્ત ખેડૂત, કારીગરોનું સાચું પ્રતિનિધિત્વ ધરાવતા મંડળો ભાગ્યે જ જોવા મળે છે. સાચા અર્થમાં ગ્રામીણ સ્ત્રી મંડળો રચાય તે માટે સરકારે પ્રોત્સાહન આપવું.

* સ્ત્રીઓની અલાયદી સહકારી મંડળીઓ અને ધિરાણ મંડળીઓ રચવા પ્રોત્સાહન આપવું. અન્ય સહકારી મંડળીઓમાં પણ જયાં સ્ત્રીઓ સક્રિયપણે આર્થિક પ્રવૃત્તિ કરે છે ત્યાં તેવી સ્ત્રીઓને સભ્યપદ આપવા માટે ખાસ કાળજી રાખવી.

* સ્ત્રીઓ ખેતીનાં જે જે કામો કરે છે તેમાં તેઓને ઘનિષ્ટ તાલીમ મળે તેવી તાત્કાલિક વ્યવસ્થા ઊભી કરવી. આમ થશે તો જ ખેતીમાંથી થતી બહેનોની બેકારી અટકશે.

* ટૂંકા ગાળામાં એક ઉપાય તરીકે સંગઠિત ઉદ્યોગોમાં અને સેવાઓમાં સ્ત્રીઓ માટે નોકરીઓનું રીઝર્વેશન કરવાનું વિચારવા જેવું છે. વ્યયસાયના જુદાજુદા સ્તરે એપ્રેન્ટીસ તાલીમાર્થી રાખવા ઉપરાંત ચાલુ કામે તાલીમ, નોકરી પહેલાં તાલીમ, સુપરવાઈઝરની તાલીમ વગેરે તાલીમ સ્ત્રીઓને આપવા વિચારવું.

* અમદાવાદની મિલોમાંથી છેલ્લા દાયકા દરમિયાન ઘટતી જતી સ્ત્રી કામદારોની સંખ્યાને રોકવા સને ૧૯૭૬ની સંખ્યા ટકાવી રાખવા માટે, તેમજ, સ્ત્રી મુકાદમો અને સ્ત્રી સુપરવાઈઝરો રાખવા માટે મજૂર મહાજન સંઘે મિલમાલિક મંડળ જોડે ઔદ્યોગિક કરાર કર્યો તેના જેવા કરારો અન્ય ઉદ્યોગોમાં પણ કરવા વિચારવું.

* સમાનવેતન કાયદા હેઠળ રચાયેલી સમિતિઓને તાત્કાલિક કાર્યરત કરવી. તેમણે જુદાજુદા ઉદ્યોગોમાં સ્થાનિક પરિસ્થિતિ પ્રમાણે સ્ત્રીઓની ભરતી શી રીતે થાય, નવી તકો, તાલીમ શી રીતે વધે તેનું ધ્યાન રાખવું.

* શિક્ષણ, આરોગ્ય અને સામાજિક સેવાઓ માટે સ્ત્રી સ્વભાવિકપણે જ વધુ અનુકૂળ જણાય છે. હાલ અનેક જગાઓ જે ભર્યા વગરની ખાલી પડી છે તેમાં છઠ્ઠી યોજના પહેલાં ૫૦ ટકા સ્ત્રીઓની ભરતી કરવી જોઈએ.

* કેટલીકવાર એવી ફરિયાદ આવે છે કે શિક્ષિત બહેનો ગામડાંમાં જવા તૈયાર થતી નથી તો તે અંગેની સાચી મુશ્કેલીઓની તપાસ કરીને તેને દૂર કરવી. ટૂંકી તાલીમ આપીને સ્થાનિક સ્ત્રીઓની સેવા લેવી વધુ અસરકારક બનશે. આવી તાલીમ તાત્કાલિક શરૂ કરવી.

* કેટલાક વ્યવસાયોમાં અનુભવી, પરિપક્વ બહેનોની ભરતી કરવા માટે નોકરીની વય મર્યાદા વધારવી.

* વ્યવસાયી બહેનો માટે રહેઠાણ, વાહન, સલામતિની વ્યવસ્થા કરવી.

## આરોગ્ય

* આરોગ્ય સેવાઓમાં પ્રસૂતિ અને બાળ સ્વાસ્થ્યની સેવાની અગ્રીમતાના ધોરણે જોગવાઈ કરવી, તેને માટેનું અલાયદુ બજેટ મૂકવું.

* પરિવાર નિયોજનની સેવાઓને પ્રસૂતિ, બાળ સ્વાસ્થ્ય સાથે જ જોડી દેવી અને ગામડાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને જુદા કરવા. આમ થશે તો સ્ત્રીઓ સરળતાથી ડૉક્ટરોનો સંપર્ક કરી શકશે.

* બિમારોમાં મોટો ભાગ સ્ત્રીઓ અને બાળકોનો હોવાથી આરોગ્ય સેવાના કર્મચારીગણમાં સ્ત્રીઓ વધુ પ્રમાણમાં હોય તે જરૂરી છે. ગામડામાં સ્થાનિક બહેમોને આરોગ્ય અને સારવારની તાલીમ આપીને તૈયાર કરવી.

## શિક્ષણ અને અક્ષરજ્ઞાન

* સો ટકા અક્ષરજ્ઞાન હાંસલ કરવા માટે સમયમર્યાદા બાંધવી. ૬ થી ૧૪ વર્ષની છોકરીઓને શાળામાં બેસાડવા માટે આગ્રહ રાખવો.

* સ્થાનિક શિક્ષિત વ્યક્તિઓને શિક્ષણના સાધનો આપીને શિક્ષણકાર્ય ચાલુ કરી દેવું. બને તો વ્યવસાયી તાલીમ સાથે જ અક્ષરજ્ઞાનને જોડી દેવું.

* જ્યાં જ્યાં બહેનો કોઈ પણ પ્રવૃત્તિ માટે એકત્રિત થતી હોય ત્યાં અક્ષરજ્ઞાનના વર્ગો ગોઠવી દેવા. કારખાનાં, દુકાનોમાં પણ પોતાના કર્મચારીઓને

અક્ષરજ્ઞાન ઝુંબેશ નોકરીદાતાઓએ જ ઉપાડી લેવી જોઈએ. તે માટે બેઠક અને સમયની વ્યવસ્થા ચાલુ નોકરીએ કરવી, તેમજ એટલા સમય દરમિયાન તેમનાં બાળકોને સાચવવાની વ્યવસ્થા પણ કરવી.

## બ. પ્રજા શું કરી શકે

* સામાજિક સંસ્થાઓ દરેક સ્તરની મહિલાઓમાં તેમની ફરજો અને હકો અંગેની જાગૃતિ લાવવા વિશાળ પાયા પર ઝુંબેશ ઉપાડે. ચાલુ કાયદાઓની જાણ અને સમજ સૌ સામાન્ય સ્ત્રીઓને પહોંચાડવા પ્રયાસ કરવો.

* દેશના તાલીમ શિક્ષણના દરેક કાર્યક્રમમાં સ્ત્રીઓ ભાગ લેતી થાય તેવી રીતે સામાન્ય બહેનોને તૈયાર કરવી.

* જે સાહસો યા કાર્યક્રમોથી સ્ત્રીઓ વિકાસ પ્રક્રિયાથી અલગ પડી જતી હોય યા તેમને માટે બેકારી નોતરતી હોય તેવા સાહસો અને કાર્યક્રમો પ્રત્યે સરકારનું ધ્યાન ખેંચવું.

* સ્ત્રીઓનાં જીવન અને કાર્ય અંગે અનેક પ્રકારની માહિતી ખોદી ખોદીને બહાર કાઢીને નીતિ ઘડનારાંઓ સમક્ષ મૂકવી. સ્ત્રીઓની ભાગીદારીની તકો વધારતાં શા રુંધતાં પરિબળોનો સવિસ્તર અભ્યાસ થવો જોઈએ.

* સ્ત્રી વિકાસની આડે આવતી સામાજિક રૂઢિઓ સામે સવિનય ભંગની પદ્ધતિ અપનાવવી.

* સમાજમાં સ્ત્રીઓ અધિકારપૂર્વક પોતાનું સ્થાન લે તે માટે ફરજિયાત કેળવણી ઉપરાંત વ્યવસાયિક માર્ગદર્શન, શિક્ષણ, તાલીમ અને છાત્રાલયની પણ વ્યવસ્થા હોવી જોઈએ. છોકરીઓના અભ્યાસક્રમો તેમને છોકરાઓથી અલગ પાડનારા ન હોવા જોઈએ.

* નિરક્ષરતા નિવારણની ઝુંબેશ, પ્રૌઢશિક્ષણ, ખેતીકામ, કુટિર ઉદ્યોગ, નાના પાય ના ઉદ્યોગોની ધંધાકીય તાલીમના કાર્યક્રમો બહેનો માટે પૂરજોશમાં અસરકારક રીતે ચાલતા હોવા જોઈએ. આથી કરીને તેમની કમાવાની શક્તિ અવશ્યપણે વધવી જોઈએ.

* ગામડાની સ્ત્રીઓને રોજિંદા કામમાં વધુ સગવડ આપવાની જરૂર છે, નહિ તો તેમની દીકરીઓ પણ એ જ પાણીડાં, દળણાં, ચૂલાના ચક્કરમાંથી છૂટીને શાળાએ જઈ જીવન વિકાસ સાધી શકશે નહિ.

* ગામડાના ઘરોમાં વપરાતા ઘર—વપરાશના રોજિંદા સાધનોમાં પણ સુધારણા થવી ઘટે છે. સુધારેલાં સાધનો સુપ્રાપ્ય હોવાં જોઇએ. આ દિશામાં વિશદ્રૂપણે વિવિધલક્ષી સંશોધન થવું જોઈએ.

* ગામડાંની ગરીબ સ્ત્રીઓનું જીવન જે એકધારો ઢસરડો બની ગયું છે તેમાં કોઈ પણ રીતે, થોડે અંશે પણ રાહત આપી શકાતી હોય તો તેવી પ્રવૃત્તિઓ યોજવી.

* ઘણીવાર સ્ત્રીઓને રોજગારી આપવા માટે સંસ્થાઓ ઉત્પાદન કેન્દ્રો ચલાવે છે પણ બજાર ન મળવાને કારણે માલ પડયો રહે છે. તેથી જ એ જરૂરી છે કે તાલીમ વ્યવસ્થા સાથે જ બજાર અને ધિરાણની સવલતોને જોડવામાં આવે, આધુનિક બજારને અનુરૂપ બને તેવી જ તાલીમ અને ઉત્પાદનની જોગવાઈ કરવામાં આવે. તે સાથે જ જે ઉત્પાદનની માગ નથી ત્યાં વપરાતા સાધનોને બીજે ઉપયોગી સ્થાને વાળવામાં આવે.

* આપણે વારંવાર જોઇએ છીએ કે ગામડાંમાં કે શહેરમાં શિક્ષિત ઉપલા વર્ગની સ્ત્રીઓનો સમાજમાં પોતાનો જુદો ચોકો હોય છે જ્યારે બાકીની તમામ સ્ત્રીઓ અભણ. ઉપેક્ષિત, રૂઢિગત જીવન જીવે છે અને નીચલી કક્ષાના મજૂરીનાં કામો કરી પેટિયું રળે છે. શિક્ષિત—અશિક્ષિત બહેનો એકબીજાને સમજીને તેઓમાં ભાવાત્મક એકતા કેળવાય તે સ્ત્રી આંદોલન માટે ઘણું જરૂરી છે. નબળી પરિસ્થિતિવાળી સ્ત્રીઓના વિકાસ કાર્યક્રમમાં શિક્ષિત સ્ત્રીઓ હાર્દિક ટેકો આપી, સક્રિય રસ લે તેવું વાતાવરણ સ્ત્રીજગતમાં સર્જાવું જોઈએ. શિક્ષિત સ્ત્રી એ રાષ્ટ્રની મૂડી છે, તેથી સ્ત્રી આંદોલનમાં સક્રિય બનીને રાષ્ટ્રનું ઋણ ચૂકવવું જરૂરી છે.

* લોકમત ઘડવામાં લોકસંચારના આધુનિક સાધનો—સમાચાર પત્રો, રેડિયો, ફિલ્મ, ટી. વી. વગેરે ઘણો મહત્ત્વનો ફાળો આપી શકે. સ્ત્રીઓના પ્રશ્નો અને તેના ઉપયોગ અંગે પણ તેઓ દેશની પ્રજાનું ધ્યાન દોરી શકે. આ માધ્યમોએ સ્ત્રીઓને સમાજના એક સક્રિય સજાગ અંગ તરીકે ઉલ્લેખવી જોઇએ, જેથી કરીને સમાજનું, ખાસ કરીને, પુરુષોનું વલણ સ્ત્રીઓ પ્રત્યે સમાનતાભર્યું થાય.

* સ્ત્રીઉત્કર્ષના કાર્યક્રમો માત્ર સ્ત્રીઓ પૂરતા જ મર્યાદિત ન રાખતાં સ્ત્રીસંસ્થાઓએ પુરુષ વર્ગના પ્રગતિશીલ બળોનો પણ સાથ મેળવવો જોઈએ.

* રાષ્ટ્રની વિકાસ યોજનાઓનો લાભ બહેનોને પહોંચાડવા તથા બહેનોનો અવાજ સરકારને પહોંચાડવા માટે શ્રમજીવી, હરિજન, આદિવાસી, ભૂમિવિહીન, સીમાન્ત ખેડૂત કારીગરોનું સાચું પ્રતિનિધિત્વ ધરાવતાં **ગ્રામીણ શ્રમજીવી સ્ત્રી–સંગઠનો રચાય તે અત્યંત જરૂરી છે.**

## અંતમાં

સ્ત્રીઓ કામકાજ કરતી થાય છે તેથી દેશની માનવશક્તિનો પૂરો ઉપયોગ થાય છે એ તો ખરું જ, પરંતુ સાથોસાથ સ્ત્રીઓના જોડાવાથી દેશની કમાણીની આવકની વધુ સારી વહેંચણી પણ થાય છે. આપણા દેશમાં અત્યારે જે સ્ત્રીઓ કામ કે મજૂરી કરે છે તેઓ ભારે ગરીબીમાં જીવે છે. તેમને ઘણાં બાળકો પાળવા-પોષવાનાં હોય છે, તેમના પતિ પણ ગરીબ હોય છે અને આખું કુટુંબ તેની કમાણી વિના નિરાધાર થઈ જાય તેમ હોય છે. આ સ્ત્રીઓની કમાણીમાં વધારો થાય તો આખું કુટુંબ બેઠું થાય.

આથી આપણા દેશની જે યોજનાઓ ઘડાય તેમાં ઉત્પાદક કામ કરવા માટે જેમ જેમ સ્ત્રીઓને વધુ તક અપાતી જશે તેમ તેમ ગરીબ લોકોના હાથમાં વધુ આવક જશે, દેશના ધનની વધુ સમાન વહેંચણી થશે, જે કંગાળ કુટુંબો નિભાવવા માટે સ્ત્રીઓ પરસેવો પાડી રહી છે તેના જ હાથમાં આ આવક જશે.

વિકાસના કામમાં સ્ત્રીઓ પૂરેપૂરો ફાળો આપી શકે તેવું સંયોજન ગોઠવાશે ત્યારે સ્ત્રીઓ જ નહિ પુરુષ અને બાળકો સહિત આખોય સમાજ ઊંચો આવશે. આમ નહિ થાય ત્યાં સુધી કુટુંબો, સમાજો, રાષ્ટ્રો અને આખી દુનિયા સહન કરતી રહેશે.

# વિવિધ વ્યવસાયોમાં રોજગારી કરતી સ્ત્રીઓ

૧૦૦૦ પુરુષોના પ્રમાણમાં

| વર્ષ | સ્ત્રીઓની વસતિ | રોજગારી કરતી સ્ત્રીઓ | ખેતી, પશુપાલન, ખેતમજૂરી મત્સ્યોદ્યોગ શિકાર જેવા વ્યવસાયો | ખાણ, કારખાનાં, રીપેર, ઘરગથ્થુ ઉદ્યોગો બાંધકામ જેવા વ્યવસાયો | વાહન, સંગ્રહ લોકસંચાર અને અન્ય સેવાઓ | બેકાર સ્ત્રીઓ |
|---|---|---|---|---|---|---|
| ૧૯૦૧ | ૯૭૨ | ૫૦૪ | ૫૩૪ | ૫૪૩ | ૩૫૦ | ૧૭૦૭ |
| ૧૯૧૧ | ૯૬૪ | ૫૨૫ | ૫૬૦ | ૫૪૮ | ૩૯૦ | ૧૬૭૬ |
| ૧૯૨૧ | ૯૫૫ | ૫૧૬ | ૫૪૫ | ૫૦૧ | ૩૭૯ | ૧૬૨૯ |
| ૧૯૩૧ | ૯૫૫ | ૪૫૩ | ૪૬૬ | ૪૨૩ | ૪૧૦ | ૧૬૫૬ |
| ૧૯૫૧ | ૯૪૭ | ૪૦૮ | ૪૭૦ | ૨૯૧ | ૨૫૭ | ૧૫૮૦ |
| ૧૯૬૧ | ૯૪૧ | ૪૬૦ | ૫૫૨ | ૩૪૮ | ૨૧૦ | ૧૫૮૧ |
| ૧૯૭૧ | ૯૩૦ | ૨૧૦ | ૨૪૮ | ૧૪૨ | ૧૦૮ | ૧૭૨૬ |

# વિકાસની ગુરુચાવી

૧. સ્ત્રીઓ પ્રત્યે સમાનતાનું વર્તન દયાભાવથી રાખવાની જરૂર નથી. કોઈ પણ દેશના સામાજિક, આર્થિક અને રાજકીય વિકાસ માટે એ તો પાયાની શરત છે.

૨. સ્ત્રીઓને પરવશતા અને પછાતપણામાંથી છોડાવવા તેઓને રોજગારી મળે અને તેઓની કમાવાની શક્તિ વધે તે પ્રત્યે સૌ પ્રથમ લક્ષ આપવું જરૂરી છે.

૩. સ્ત્રીને માતા બનવાનું છે. માતૃત્વ એ સ્ત્રીઓની સમાજ પ્રત્યેની વિશિષ્ટ જવાબદારી છે. સલામતીથી બાળકોનો જન્મ થાય અને તે બાળકોનો સારી રીતે ઉછેર થાય તે જોવાનું કામ માતા, પિતા અને સમાજનું ત્રણેનું છે, માત્ર માતા એકલીનું નથી.

૪. ગૃહિણીઓ જે રોજિંદુ ઘર સંચાલનનું કામ કરે છે અને કુટુંબની સંભાળ રાખે છે તે કામનો દેશના બચત અને વિકાસમાં ફાળા તરીકે સ્વીકાર થવો જોઈએ.

૫. સ્ત્રીઓ પોતાના કામકાજ દ્વારા દેશના વિકાસમાં ફાળો આપી રહી છે તેમાં લગ્ન અને માતૃત્વની મહત્ત્વની જવાબદારી તેને અવરોધરૂપ ન થાય તે જોવાનું કામ સરકાર અને સમાજનું છે.

૬. દેશની સમૃદ્ધિના ફળ સ્ત્રીઓ સુધી પહોંચવા જોઈએ.

૭. ભારતના બંધારણમાં દર્શાવેલા ધ્યેયોને પહોંચવા હવે વધુ ઢીલ ન કરવી હોય તો કાયદા હેઠળ અપાયેલી સમાનતાને વ્યવહારમાં ઉતારવા માટે કેટલાક વિશિષ્ટ પગલાંઓ તાત્કાલિક લેવા માટે કાર્યરત થવું પડશે.

Acc. No. 130288
Date 16-9-2010

I. I. A. S. LIBRARY

Acc. No.

This book was issued from the library on the date last stamped. It is due back within one month of its date of issue, if not recalled earlier.

CP&SHPS—519.I.I.A.S./2004-25-6-2004-20000.

સમાજમાં સ્ત્રીઓનું સ્થાન અને સ્ત્રીઓની સ્થિતિ બંનેનું સતત પતન થઈ રહ્યું છે, એટલું જ નહિ પણ છેલ્લા ત્રણ દાયકામાં આ પતન વધુ વેગીલું બન્યું છે. નીચેના પાંચ વલણો પરથી આ હકીકત પુરવાર થાય છે.

૧. સ્ત્રીઓ અને બાળકીઓનું મૃત્યુ પ્રમાણ વધતું જાય છે.

૨. આરોગ્ય સેવાઓ અને દાક્તરી સારવાર જેટલા પ્રમાણમાં પુરુષોને પહોંચે છે તેના કરતાં ઘણા ઓછા પ્રમાણમાં સ્ત્રીઓને પહોંચે છે

૩. કુલ વસતિમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા ઘટતી જાય છે.

૪. અક્ષરજ્ઞાન, શિક્ષણ અને વ્યવસાયી તાલીમનું પ્રમાણ પુરુષોની સરખામણીએ સ્ત્રીઓમાં ઘણું નીચું જતું જાય છે.

૫. સ્ત્રીઓની રોજગારીમાં ૧૯૫૧થી ઝડપી ઘટાડો નોંધાયો છે.

Library IIAS, Shimla
GJ 891.478 B 469 V
00130288